Hun Kun? - Pushtimargiya Jawab
by Prof. Rameshbhai V. Parikh

© શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રથમ આવૃત્તિ : જુલાઈ - ૧૯૯૮ ■ દ્વિતીય આવૃત્તિ : નવેમ્બર - ૨૦૦૦
તૃતીય આવૃત્તિ : જૂન - ૨૦૦૫ ■ ચતુર્થ આવૃત્તિ : સપ્ટેમ્બર - ૨૦૧૩

: પ્રાપ્તિસ્થાન :
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
(રૂબરૂ અને પોસ્ટથી)
૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
મહેસાણા-૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
■
શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
(ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે,
૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૫/-

મુદ્રક
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા.

‘હું’ કોણ? : પુષ્ટિમાર્ગીય જવાબ

‘તમારો પરિચય?’

‘મારો?’

‘હા.’

‘હું... એટલે રમેશભાઇ.’

‘ના, જી, ના. તમારી થોડીક ભૂલ થાય છે.’

‘મારી ભૂલ? અશક્ય, અસંભવિત. થાય જ નહિ. ૬૦-૬૦ વર્ષથી હું મારું નામ સાંભળતો આવ્યો છું, બોલતો આવ્યો છું, લખતો આવ્યો છું. મારાં પ્રમાણપત્રો જોઇ લો, તેમાં પણ મારું નામ રમેશભાઇ જ છપાયેલું છે. હું એટલે રમેશભાઇ જ.’

‘તમારી વાત અડધી સાચી. તમારા શરીરને ‘રમેશભાઇ’ એ નામનું લેબલ લાગ્યું છે, પણ તમારું શરીર એટલે તમે નહિ.‘

‘હેં! શું કહ્યું? મારું શરીર એટલે ‘હું’ નહિ? કોયડાની ભાષામાં વાત ન કરશો.’

‘આમાં કોયડો જ નથી, સાવ સીધી સાદી વાત છે.’

‘છતાં ય મને તો સમજાતી નથી. ફોડ પાડીને સમજાવોને!’

‘સાંભળો, આપણા શરીરમાં હાથ, પગ, મોં, માથું, મગજ, હૃદય, ફેફસાં અને બીજાં પણ અનેક અવયવો છે. એ બધાં શાનાં બનેલાં છે?’

‘હાડકાં, માંસ અને લોહીનાં.’

‘બરાબર, તેથી એ બધાં જડ છે.મરેલા માણસના પગ દોડતા નથી, તેની આંખો જોઇ શકતી નથી, હૃદય ધબકતું નથી, નાક શ્વાસ લેતું નથી.’

‘તમારી વાત તો સાચી.’

‘મરેલા માણસને આપણે વધુ વખત ઘરમાં રહેવા દેતા પણ નથી.’

'કેમ?'

'વધુ વખત રાખીએ તો મરેલા શરીરમાંથી ગંધ મારે. તેથી તેને અગ્નિદાહ આપીએ છીએ. બીજા લોકો મરેલા શરીરને જમીનમાં દાટે છે.'

'બિલકૂલ સાચું, મરેલા શરીરમાંથી ગંધ આવે છે, પરંતુ જીવતા શરીરમાંથી ગંધ આવતી નથી. આપણું શરીર શાને લઇને જીવતું રહે છે?'

'પ્રાણને લઇને શરીર જીવે છે. તે હલનચલન કરે છે અને પ્રવૃત્તિઓ પણ કરે છે.

'તમારી વાત તો બરાબર છે. પ્રાણને માટે આપણે બીજા બે શબ્દો વાપરીએ છીએ. જીવ અને આત્મા. જેને લઇને શરીર જીવે તે જીવ. વીજળીનો પંખો વીજળીથી ચાલે છે. વીજળી ન હોય ત્યારે પંખો ચાલતો નથી. ત્યારે તે જડ હોય છે. આમ, વીજળીનો પંખો શરીર છે, વીજળી તેનો જીવ છે. જીવ વિના શરીર જડ છે. જીવ ચેતન છે. જીવ શરીરને ચેતનવંતુ બનાવે છે. તેથી શરીરમાં જીવ મહત્ત્વનો છે.'

'આટલી વાત તો બધા જ જાણે છે.'

'હવે પ્રશ્ન એ છે કે 'હું' એટલે રમેશભાઇ નહિ, તો 'હું' એટલે કોણ? 'હું' લખું છું, 'હું' તમારી સાથે વાત કરું છું, 'હું' જોઉં છું, આ બધી ક્રિયાઓનો કરનાર 'હું' કોણ? 'હું' એટલે શરીર કે 'હું' એટલે જીવ?'

'જીવ જ વળી.'

'બિલકુલ સાચું. જો જીવ બધી ક્રિયાઓનો કરનારો હોય તો 'હું' એટલે જીવ. શરીર મરી જાય ત્યારે જીવ મરી જતો નથી. તે શરીરને છોડીને ચાલ્યો જાય છે. ક્રિયાનો કરનાર જ ન હોય તો ક્રિયા થાય ક્યાંથી?'

'સાચું કહ્યું. ઘરમાં રાંધનાર ન હોય તો રસોઇ ન બને.'

'એટલે જ મેં તમને કહ્યું કે 'હું' એટલે રમેશભાઇ નહિ. આ શરીરને 'રમેશભાઇ'ના નામનું લેબલ લાગ્યું છે, પરંતુ આ શરીર નાશ પામશે ત્યારે 'રમેશભાઇ' એ નામ પણ નાશ પામશે. કહેવત છે ને કે 'નામ તેનો નાશ.' આ નામનું લેબલ શરીરને લાગે છે. શરીરમાં રહેલા જીવને લાગતું નથી.'

'તો જીવ શું છે? એ શાનો બનેલો છે? એનો દેખાવ કેવો છે? એના રૂપ-રંગ કેવાં છે? એ ક્યાંથી આવ્યો? શરીર નાશ પામતાં જીવનું શું થતું હશે?

'આ બધા પ્રશ્નો તમારા એકલાના જ નથી.'

'એટલે?'

'માણસ જયારથી વિચારતો અને સમજતો થયો ત્યારથી આ પ્રશ્નો પૂછતો આવ્યો છે અને તેના ઉત્તર શોધતો રહ્યો છે. જેમને આત્માનો અનુભવ થયો તેમણે પોતાના તે અનુભવો પ્રકટ કર્યા છે. આ અનુભવો એટલે આપણાં શાસ્ત્રો. માટે જ આપણાં શાસ્ત્રોમાં તર્ક કે કલ્પનાની વાતો નથી. તેમાં ભેળસેળ વિનાનો, અનુભવનો શુદ્ધ નિચોડ છે. આપણાં શાસ્ત્રો આપણા બધા પ્રશ્નોના વિગતવાર જવાબ આપે છે.'

'પણ અમે તો ખૂબ જ ઓછું ભણેલા માણસો છીએ. શાસ્ત્રો તો અમને ક્યાંથી સમજાય?'

'ખરું. શાસ્ત્રોને સમજવા કેવળ જ્ઞાન પૂરતું નથી. શાસ્ત્રોને સમજવા પ્રભુની કૃપા જોઇએ. જેમના ઉપર પ્રભુની આવી કૃપા થઇ છે, તેવા અનેક મહાપુરુષોએ જુદા જુદા સમયે શાસ્ત્રોના અર્થ સમજાવવાના ઘણા પ્રયત્નો કર્યા છે. શાસ્ત્રોનો તટસ્થ અર્થ સમજાવ્યો શ્રીવલ્લભાચાર્યજીએ. '

'તેમણે શું કહ્યું?'

'તેમણે કહ્યું, હું વૈશ્વાનર છું.'

'વૈશ્વાનર એટલે?'

'વૈશ્વાનર એટલે અલૌકિક અગ્નિ. દુનિયામાં જે અગ્નિ છે તે લૌકિક અગ્નિ છે. અલૌકિક અગ્નિ ભગવાનનું મુખ છે. વાણી મુખ દ્વારા બોલાય છે, એટલે મુખ વાણીનું સ્વામી છે. તેથી વૈશ્વાનર એટલે ભગવાનના મુખની વાણીના સ્વામી.'

'બરાબર.'

'ભગવાનના મુખમાંથી પ્રકટ થતી વાણીના સ્વામી શ્રીવલ્લભાચાર્યજી છે, એમ તેઓ પોતે નમ્રતાથી કહે છે. તેઓ કહે છે : 'શાસ્ત્રો ભગવાનના

મુખની વાણી છે. તેથી હું શાસ્ત્રોએ કહેલી પ્રામાણિક, સત્ય હકીકતો જ કહીશ. તેનાથી અલગ, મારો પોતાનો કોઇ જુદો મત છે જ નહિ, કારણ ભગવાનથી અલગ બીજું કશું મૌલિક હોઇ શકે જ નહિ.'

'પરંતુ શ્રીવલ્લભાચાર્ગજીની વાણી પણ અમારા માટે તો સમજવી અઘરી જ છે. અમે કંઇ સંસ્કૃત ભણ્યા નથી. માટે અમને અમારી સરળ ભાષામાં સમજાવો. અમને જીવના સ્વરૂપનું જ્ઞાન કરાવો.'

'વારુ. જીવના સ્વરૂપનું જ્ઞાન કરીએ તે પહેલાં જ્ઞાન એટલે શું? તે જાણી લઇએ. જ્ઞાન એટલે જાણકારી. જ્ઞાનનાં ત્રણ અંગ - માહિતી, સમજ અને ઉપયોગ. આપણે જોઇને, સાંભળીને, વાંચીને અથવા અનુભવીને જે નવી બાબત જાણીએ તે માહિતી. આવું કેમ બન્યું, એ વિષે ઊંડો વિચાર કરી તેને સમજીએ તે સમજ. આ સમજનો જીવન જીવવામાં ઉપયોગ કરીએ ત્યારે તેને કહેવાય જ્ઞાન. મહાપુરુષોએ કહ્યું છે કે 'ક્રિયા વિના જ્ઞાન બોજારૂપ છે.'

'વાત તો બિલકુલ સાચી. રાવણને ક્યાં ઓછું જ્ઞાન હતું? 'પરસ્ત્રી માત સમાન' એ સત્ય રાવણ શું નહોતો જાણતો? છતાંય તેણે સીતાજીનું અપહરણ કર્યું. તેણે આ સમજનો ઉપયોગ ન કર્યો. તેથી તેનું જ્ઞાન વાંઝિયું રહ્યું અને તે રાક્ષસ કહેવાયો.'

'તદ્દન સાચી વાત.'

'જ્ઞાનનાં બે સ્વરૂપ છે- જગતનું જ્ઞાન અને જગદીશનું જ્ઞાન. આપણને જગતનું જ્ઞાન ઘણું બધું છે. પરંતુ જગદીશનું જ્ઞાન નથી. જગદીશને જાણવા માટે પહેલાં આપણે આપણા આત્માને જાણવો જોઇએ. આપણા આત્માને ઓળખવાનો પ્રયત્ન આપણે શ્રીવલ્લભાચાર્યજીના ગ્રંથો દ્વારા કરીશું.'

'પહેલો પ્રશ્ન છે 'જીવ શું છે'?'

'તમે આંબાનું ઝાડ જોયું હશે. તેના ઉપર લટકતી કેરીઓ પણ જોઇ હશે. એ કેરીઓ ક્યાંથી આવી?'

'ઝાડ પર બેઠેલા મ્હોરમાંથી.'

'બરાબર. મ્હોર ક્યાંથી આવ્યો?'

'તે ઝાડ ઉપર જ ફૂટ્યો.'

'આ ઝાડ ક્યાંથી આવ્યું?'

'તેના મૂળમાંથી અંકુર ફૂટ્યાં અને ઝાડ બન્યું.'

'સારું, મૂળ ક્યાંથી આવ્યું?'

'બીજમાંથી.'

'બીજ ક્યાંથી આવ્યું?'

'ફળમાંથી. એટલે કે કેરીમાંથી.'

'બસ. જગતનું પણ આવું જ છે. જગતમાં જડ અને ચેતન પદાર્થો છે. દરેકના જુદા જુદા આકાર છે, અનેક રંગો છે. વિવિધ રૂપો છે. જાતજાતની સુગંધ છે, બધાનાં કાર્યો પણ જુદાં જુદાં છે. આ બધું ક્યાંથી આવ્યું? એનો બનાવનાર કોણ?'

'વાત તો વિચારવા જેવી છે હોં. કોણ હશે આ જગતનો બનાવનાર? કોઇક તો હશે જ ને? તે એક હશે કે અનેક હશે?'

'તમારા પ્રશ્નનો જવાબ શોધીએ. તમે માટીનાં વાસણ બનતાં જોયાં છે?'

'હા, કુંભાર ચાકડા ઉપર માટીનાં વાસણ બનાવે છે.'

'એક જ માટીમાંથી કેવા જુદા જુદા ઘાટ તૈયાર થાય છે! તેનો બનાવનાર પણ એક જ ને?'

'હાસ્તો.'

'એવું જ સોનાનું. સોનામાંથી સોની કેટકેટલાં આભૂષણો બનાવે છે?

'દરેકના નોખા નોખા ઘાટ ઘડાય, દરેકનાં રૂપ જુદાં, નામ પણ જુદાં, પરંતુ આખરે તો એ સોનું જ ને! અને તેમનો બનાવનાર પણ એક જ ને?'

'હાસ્તો.'

'માટે જ નરસિંહ મહેતાએ ગાયું કે : 'ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.' જગતનું પણ આવું જ છે. તેમાં

બધાનાં રૂપ જુદાં જુદાં, નામ પણ જુદાં જુદાં, પરંતુ એ બધાં જડ અને ચેતન રૂપો એકમાંથી જ બનેલાં છે.’

‘જરા માંડીને વાત સમજાવો ને!’

‘જુઓ. જેમ વૃક્ષને મૂળ હોય છે અને મૂળમાંથી જ વૃક્ષ પ્રકટે છે, ફૂલે છે, ફાલે છે, અને દુનિયામાં નજરે પડે છે, તેમ જગત પણ એક વૃક્ષ જેવું છે. આ જગતરૂપી વૃક્ષનું મૂળ ઈશ્વર છે. જુદાં જુદાં શાસ્ત્રોએ ઈશ્વરનાં જુદાં જુદાં નામ બતાવ્યાં છે. જગતનું જૂનામાં જૂનું શાસ્ત્ર એટલે વેદ. વેદમાં ઈશ્વરને ‘બ્રહ્મ’ કહ્યા છે. ઉપનિષદોએ તેને ‘આત્મા’ અથવા ‘પરમાત્મા’ કહ્યા, ગીતાએ તેમને ‘ઈશ્વર’ અથવા ‘પરમેશ્વર’ કહ્યા, ભાગવતે ‘ભગવાન’ કહ્યા, બાઇબલે ‘ગૉડ’ કહ્યા, કુરાને ‘ખુદા’ અથવા ‘અલ્લાહ’ કહ્યા, તો કેટલાકોએ તેમને ‘પરમશક્તિ’ અથવા ‘પરમતત્ત્વ’ કહ્યો. આમ, તેમનાં અનેક નામ પડ્યાં, પરંતુ મૂળમાં તો તે એક જ છે.

‘હા, આપણે ત્યાં પણ એક માણસનાં એકથી વધુ નામો પ્રચલિત હોય છે જ. ઘરમાં ‘બચુભાઈ’ કહેવાય, શાળામાં ‘મૂકેશભાઈ’ કહેવાય, મિત્રો ‘મૂકો’ કહે તો કોઈક તેને બીજા નામથી પણ બોલાવે. નામ જુદાં, પણ માણસ તો એક જ.’

શાસ્ત્રો કહે છે : ‘એવો પરમાત્મા જગતની ઉત્પત્તિ પહેલાં પણ હતો, તેથી પરમાત્મા અનાદિ છે. તે અનંત છે. જગતનો પ્રલય થાય, પણ પરમાત્માનો પ્રલય થતો નથી. આવો પરમાત્મા જગતની પૂર્વે એકલો હતો ત્યારે તેને અનેક બનવાની ઇચ્છા થઈ.’

‘થાય. એકલાને મઝા કેમ આવે? બે હોય તો જ આનંદ આવે.’

‘હા, તેથી જ પોતાની ક્રીડા માટે પરમાત્માએ પોતાનામાંથી જગતનો વિસ્તાર કર્યો.’

‘એટલે?’

‘પરમાત્મા જગતમાં જડ પદાર્થોરૂપે પ્રકટ થયો. તે જ પરમાત્મા ચેતનરૂપે પણ પ્રકટ થયો. આમ, પરમાત્મામાંથી જગત ઉત્પન્ન થયું. સૂર્ય

બન્યો, ચંદ્ર અને તારાઓ બન્યા, બ્રહ્માંડમાં જેટલાં જેટલાં રૂપો છે એ બધાં પરમાત્માનાં જ છે. એ બધાં રૂપોનાં જે જે નામ છે, તે બધાં નામ પણ પરમાત્માનાં જ છે.’

‘ઓહ! આવું કેવી રીતે બને?’

‘તમે કરોળિયાને તો જોયો છે ને?’

‘હા.’

‘કરોળિયો તેના મોંમાંથી લાળ કાઢે છે. તે લાળના લાંબા તાંતણા બનાવી, તેનું જાળું રચે છે. મરજી થાય ત્યાં સુધી કરોળિયો તે જાળામાં રહે છે અને પછી તે લાળને મોંમાં પાછી ખેંચી લે છે. જો એક કરોળિયો પોતાના શરીરમાંથી લાળ કાઢી પોતાની સૃષ્ટિ રચી શકે, અને તે સૃષ્ટિને ઇચ્છા થાય ત્યારે ગળી શકે તો ઈશ્વર પોતાનામાંથી જગતનું સર્જન ન કરી શકે? તેમાં આશ્ચર્ય જેવું કંઈ નથી. કારણ, ઈશ્વર પરમ શક્તિરૂપ છે.’

‘હા, હવે વાત સમજાય છે.’

‘તમે દૂધ તો જોયું છે ને?’

‘હા. દૂધમાંથી ઘી બને છે, પરંતુ તપેલીમાં ભરેલા દૂધમાંથી આપણને તરત જ ઘી મળી જતું નથી. દૂધમાં ઘી છૂપાયેલું હોવા છતાં તે પ્રકટ ન થાય ત્યાં સુધી આપણને દેખાતું નથી.’

‘સાચી વાત.’

‘આવી જ રીતે, પરમાત્મામાં સમગ્ર જગત રહેલું છે, પરંતુ તે પ્રકટ ન થાય ત્યાં સુધી આપણને જગત દેખાતું નથી.’

‘વાત તો બિલકુલ સાચી છે.’

‘શાસ્ત્રો કહે છે, આવા જગતનું સર્જન કરનાર પરમાત્માના સ્વરૂપનાં ત્રણ ઘટકો છે. જેમ આપણા શરીરમાં વિવિધ અંગો હાડ, માંસ અને ચામડાનાં બનેલાં છે, તેમ પરમાત્માનું સ્વરૂપ ત્રણ ઘટકોનું છે, જડ, ચેતન અને આનંદ. જડ માટે ‘સત્’ શબ્દ વપરાય છે. ચેતન માટે ‘ચિત્’ શબ્દ વપરાય છે. તેથી સત અને ચિત અને આનંદ એટલે પરમાનંદ. આ ત્રણ

શબ્દોની સંધિ કરીએ તો 'સચ્ચિદાનંદ' શબ્દ બને. આથી પરમાત્માનું એક બીજું નામ છે સચ્ચિદાનંદ. પરમાત્મામાં રહેલો સત્ ઘટક જડ પદાર્થો રૂપે જગતમાં પ્રકટ થયો છે. ચિત ઘટક ચૈતન્યરૂપે પ્રકટ થયો છે, પરંતુ પરમાત્માનો આનંદ ઘટક જગતમાં બહુ જ ઓછા પ્રમાણમાં ક્યાંક પ્રકટ થયો છે. એટલે કે આનંદ ઘટક ગુપ્ત છે. આમ, આ જગત સત અને ચિત ઘટકોનું બનેલું છે. '

'આનો અર્થ એ થયો કે પરમાત્મા બહુરૂપી જેવો છે. જેમ બહુરૂપી જુદા જુદા વેશ લે, પરમાત્મા પણ જડ, ચેતનનાં જુદાં જુદાં રૂપ ધારણ કરે છે.'

'હા. તેથી ભક્તકવિ નરસિંહ મહેતા કહે છે કે : 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપ અનંત ભાસે.' કલાપી નામના કવિ કહે છે કે 'જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની.' કવિ સુંદરમ્ કહે છે: 'પુષ્પ તણી પાંખડીએ બેસી, હસતું કોણ ચિરંતન હાસ્ય?'

'પરમાત્મા જગતરૂપે પ્રકટ થયા છે એ વાત તો સમજાઇ.'

'તેથી જ શાસ્ત્રોએ જગતને પરમાત્માનું આધિભૌતિક સ્વરૂપ કહ્યું છે. પરમાત્મા સત્ય છે, તેથી જગત પણ સત્ય છે. તે મિથ્યા નથી.'

'આધિભૌતિક એટલે શું?'

'જેને આપણી આંખોથી જોઇ શકાય તે આધિભૌતિક. તે નાશવંત હોય. જગતને આપણી આંખોથી જોઇ શકીએ છીએ, અને તે પરમાત્મામાંથી પ્રકટ થયું છે, તેથી જગત પરમાત્માનું આધિભૌતિક રૂપ છે.'

'આનો અર્થ તો એ થયો કે જગત વૃક્ષ છે અને પરમાત્મા તેનું મૂળ છે. મૂળનો વિસ્તાર વૃક્ષમાં દેખાય, મૂળ પોતે દેખાય નહિ. તેથી આપણને જગત દેખાય છે, પરંતુ તેનાં મૂળ રૂપ પરમાત્મા આપણી આંખોથી દેખાતા નથી. બરાબર ને?'

'પરમાત્મા અને જગત વિષેની વાત તો સમજાઇ. પણ આપણો મૂળ પ્રશ્ન તો રહી જ ગયો. જીવ શું છે?'

'વૃક્ષને સમજવા બીજને જાણવું જરૂરી છે, તેમ જીવને જાણવા પરમાત્મા અને જગતને જાણવાં પણ જરૂરી છે. પરમાત્મા અને જગતને જાણ્યા પછી હવે આપણે જીવના સ્વરૂપને સમજીએ.'

'એક વાત પૂછી લઉં? જગતના બધા જડ-ચેતન પદાર્થો ભગવાનમાંથી જ બન્યા હોય તો જીવ પણ ભગવાનમાંથી બનેલો ને?'

'હા.'

'જીવ આપણા શરીરમાં આવે, તે શરીરને ચલાવે. એથી 'હું' એટલે જીવ. બીજી બાજુ જીવ ભગવાનમાંથી બન્યો, તેથી જીવ એટલે ભગવાન. માટે હું કોણ? હું ભગવાન. બરોબર ને?'

'ના. અહીં જ પહેલી ભૂલ થઇ. ઘણા મહાપુરુષોએ પણ આવું જ માન્યું. જીવ ભગવાનમાંથી બન્યો તે વાત સાચી, પણ જીવ એ ભગવાન નહિ, તેથી 'હું' પણ ભગવાન નહિ.'

'આ ન સમજાયું.'

'દૂધમાંથી માખણ બને ને?'

'હા.'

'તો દૂધ એ માખણ ખરું?'

'ના.'

'બસ, આવું જ ભગવાન અને જીવનું પણ છે.'

'સ્પષ્ટતા કરોને!'

'તમે સગડીમાં સળગતા કોલસા તો જોયા હશે. ક્યારેક તેમાંથી ચારે બાજુ તણખાઓ પણ ઊડતા જોયા હશે. સળગતા કોલસામાંથી તણખો છૂટો પડે. સળગતો કોલલો અને તણખો એક જ ખરાં?'

'ના, તણખો એકાદ સેકન્ડ સળગી બુઝાઇ જાય. પછી કોલસાની કણી બની જાય.'

'તે કણીને ફરી સળગતી સગડીમાં નાખીએ તો?'

'તો ફરી સળગે.'

'જીવનો જન્મ પણ આમ જ થયો. ભગવાનના સચ્ચિદાનંદ સ્વરૂપના

ચિત્ અંશમાંથી તણખાની જેમ અગણિત જીવ છૂટા પડ્યા. સગડીમાંથી અલગ થતાં જ તણખો ઓલવાઇ જાય, તેમ જીવમાંથી આનંદ અંશ ઓલવાઇ ગયો. રહ્યો માત્ર ચિત્ અંશ. ભગવાનમાંથી છૂટો પડેલો ભગવાનનો આ ચિત્ અંશ જીવ.'

'બરાબર.'

'અગ્નિમાંથી છૂટા પડેલા તણખાનો અગ્નિ બુઝાઇ જતાં, કોલસાની તે કણી આપણને દઝાડી શકતી નથી. તે અગ્નિ જેવી શક્તિમાન રહેતી નથી. તેવી રીતે પરમાનંદ સ્વરૂપ ભગવાનમાંથી છૂટો પડેલો તેમનો ચિદંશ જીવ આનંદ વિનાનો બની જાય છે. આનંદના અભાવમાં તે પરમાત્માની શક્તિ ગુમાવી બેસે છે. તેથી તે પરમાત્મારૂપ રહેતો નથી. જે કામ પરમાત્મા કરી શકે, તે કામ જીવ કરી શકતો નથી. તેથી જીવ પરમાત્મા નથી, પરંતુ પરમાત્માનો એક અંશ છે.'

'એક બીજા ઉદાહરણથી આ વાતને વધુ સ્પષ્ટ કરીએ. એક રૂપિયાનું પરચુરણ લઇએ, તો તેમાં ૫૦ પૈસા, ૨૦ પૈસા, ૧૦ પૈસાના સિક્કા હોય. રૂપિયો આપીએ તો બે ૫૦ પૈસાના સિક્કા મળે. પણ ૫૦ પૈસાનો એક સિક્કો આપીએ તો રૂપિયો મળે ખરો?'

'ના.'

'કારણ કે ૫૦ પૈસા, ૨૦ પૈસા, ૧૦ પૈસા રૂપિયાના અંશ છે. રૂપિયો અંશી છે. તેમ ભગવાન અંશી છે. જીવ ભગવાનના અંશ છે. ૫૦ પૈસાનો સિક્કો રૂપિયામાંથી બન્યો છે, પણ રૂપિયો નથી. તેમ જીવ ભગવાનમાંથી છૂટો પડેલો ચિદંશ છે, પણ ભગવાન નથી.'

'ભગવાનમાંથી જીવ છૂટો પડ્યો ત્યારે જીવમાં શો ફરક પડ્યો?'

'ભગવાનમાંથી જીવ છૂટો પડ્યો, ત્યારે જીવમાં ભગવાનનો ચિદંશ પ્રકટ રહ્યો એટલે જીવ ચેતનરૂપે થયો, પરંતુ ભગવાનનો આનંદ અંશ જીવમાંથી ગુપ્ત થયો એટલે જીવમાં ભગવાનની અલૌકિક શક્તિઓ અને ગુણો ન રહ્યા. ભગવાનના છ દિવ્ય ગુણો છે.'

'તે કયા કયા?'

'ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. જીવમાં આ છ દિવ્ય ગુણો પ્રકટ ન થયા. ઐશ્વર્યનો ગુણ પ્રકટ ન થવાથી જીવ હીન બન્યો. વીર્યના અભાવમાં તે દીન બન્યો. યશનો ગુણ જવાથી તે જન્મ-મરણનાં બંધનોમાં ફસાયો. શ્રી વિના તે રંક, અસમર્થ બન્યો. જ્ઞાનના અભાવે તે માયામાં ફસાયો. વૈરાગ્ય વિના તેનામાં કામ, ક્રોધ, લોભ, મોહ, મોદ અને મસ્તર આવ્યાં. પરિણામે પરમ શક્તિમાનનો અંશ હોવા છતાં, તે ગરીબડો, બિચારો, રંક, દીન, હીન બન્યો.'

'પછી શું થયું?'

'આવો જીવ જગતમાં આવ્યો. પરમાત્માએ જગતમાં ચોર્યાસી લાખ પ્રાણીઓની સૃષ્ટિ રચી. તે વિવિધ પ્રાણીઓનાં શરીરોમાં જીવે પ્રવેશ કર્યો. કાળચક્રમાં જન્મ મરણનાં ચક્કરમાં ફરતો રહ્યો.'

'એક બીજો પ્રશ્ન થાય છે: જીવનો આકાર કેવો હશે?'

'જીવનો આકાર નરી આંખે જોઇ શકાતો નથી. વિજ્ઞાને અતિ સૂક્ષ્મ વસ્તુઓ જોવા માટે ખૂબ જ શક્તિશાળી સૂક્ષ્મદર્શક યંત્રો વિકસાવ્યાં છે. આ યંત્રો દ્વારા પણ આજ સુધી જીવનું નિરીક્ષણ કરી શકાયું નથી. વિજ્ઞાનીઓએ જીવને જાણવા ઘણા પ્રયોગો કર્યા છે. મૃત્યુની અણી ઉપર આવેલા મનુષ્યને કાચની હવાચુસ્ત પેટીમાં રાખવામાં આવ્યો. તેનું મૃત્યુ થતાં કાચ તૂટી ગયો અને જીવ ચાલ્યો ગયો. તેઓ જીવનું અસ્તિત્વ સ્વીકારે છે, પણ જીવનો આકાર જાણી શક્યા નથી.'

'આપણાં શાસ્ત્રો પણ જીવનો આકાર બતાવતાં નથી?'

'ના, આપણાં શાસ્ત્રો તો જીવનો આકાર સ્પષ્ટ રીતે બતાવે છે. ૮૪ લાખ પ્રાણીસૃષ્ટિમાં હાથીથી માંડી અમીબા સુધીનાં શરીરો છે. તે બધામાં જીવ એક જ આકાર અને કદનો છે. તેથી જીવ અણુથી પણ અણુ જેટલો અતિશય સૂક્ષ્મ છે. શાસ્ત્રો તેનું કદ બતાવતાં કહે છે કે, આપણા માથાના વાળની ટોચનો સોમો ભાગ કરીએ અને તે સોમા ભાગનો પણ પાછો

સોમો ભાગ કરીએ એટલું જીવનું કદ છે. વિચાર કરો. વાળની ટોચના દસ હજારમા ભાગ જેવડું જીવનું કદ થયું. આવડો જીવ પણ આપણી દૃષ્ટિએ કેટલો બધો શક્તિશાળી છે! માનવશરીરમાં પ્રવેશી તે કેવાં અદ્‌ભૂત કાર્યો કરે છે! આનું કારણ એક જ છે, તે પરમશક્તિમાનનો અંશ છે.'

'બરાબર. સૂર્ય આપણાથી લાખો માઈલ દૂર છે, છતાં તેનાં કિરણો આપણને દઝાડે છે ને? કહેવત છે કે 'નાનો પણ રાઈનો દાણો.' બીજી પણ કહેવત યાદ આવે છે 'મોરનાં ઇંડાંને ચીતરવાં પડતાં નથી.'

હવે ત્રીજો પ્રશ્ન થાય છે : જીવનો આકાર અને કદ એકસરખાં છે, તો લાખો પ્રાણીશરીરોમાં રહેલા જીવોના સ્વભાવ અને શક્તિ એકસરખાં કેમ નથી? અલગ અલગ કેમ જોવા મળે છે?'

'તમારો પ્રશ્ન બિલકૂલ સાચો છે. સૌના સ્વભાવ જુદા છે. સૌની શક્તિઓ જુદી છે. આનું કારણ સૃષ્ટિની રચનાના હેતુમાં રહેલું છે. પરમાત્માએ આ સૃષ્ટિની રચના શા માટે કરી તે આપણે આગળ જોઇ ગયા છીએ. તમે કહેશો?'

'પોતે એકલા હોવાથી પોતાનો વિસ્તાર કર્યો.'

'આવો વિસ્તાર કરવાની જરૂર શી હતી?'

'એ તો ખબર નથી. તમે સમજાવો ને!'

'શાસ્ત્રો એમ કહે છે કે, પરમાત્માએ ક્રીડા કરવા માટે, ક્રીડાનો આનંદ લેવા માટે આ સૃષ્ટિની રચના કરી.'

'જેમ શ્રીમંત માણસો પોતાના આનંદ માટે મોટા મોટા મહેલ, બાગ-બગીચા, આનંદ-પ્રમોદનાં સ્થાનો બનાવે છે, તેમ જ ને?'

'હા, પરમાત્માએ પણ અનેક પ્રકારના વૈવિધ્યવાળી આ સૃષ્ટિ રચી. પોતે પોતાના આનંદ માટે એકમાંથી અનેક બન્યા. ભોગ્ય અને ભોક્તા બંને એક જ હતા.'

'ભોગ્ય અને ભોક્તા એટલે શું?'

'આપણે મીઠાઇ ખાઇએ ત્યારે મીઠાઇ ભોગ્ય છે. અને ખાનાર ભોક્તા છે. આનંદ માણનાર ભોક્તા કહેવાય. જેના વડે આનંદ મળે તે ભોગ્ય કહેવાય. જગત ભોગ્ય અને પરમાત્મા તેના ભોક્તા. જગત પણ પરમાત્માનું જ રૂપ છે. તેથી જગતરૂપ પરમાત્મા ભોગ્ય અને જગતના કર્તા પરમાત્મા ભોક્તા.'

'બરાબર.'

'શાસ્ત્રો કહે છે, જગત પરમાત્માની ક્રીડાભૂમિ છે. પરમાત્માની લીલા છે. જેમ રંગમંચ ઉપર નાટક ભજવાય ત્યારે જુદા જુદા નટ-નટીઓ જુદાં જુદાં પાત્રો ભજવે છે. કોઇ રાજા બને છે, કોઇ રાણી બને, કોઇ પ્રધાન બને, કોઇ સેનાપતિ બને, તો કોઇ નોકર પણ બને. સૌ પાત્રોનાં રૂપરંગ, સ્વભાવ, શક્તિ જુદાં જુદાં હોય. તેથી આપણને નાટક જોવામાં આનંદ આવે છે. બધા જ રાજા બને, બધાનાં રૂપરંગ અને સ્વભાવ સરખા હોય તો મજા આવે?'

'ના રે ના. રોજ એકની એક વાનગી ખાવામાં ય કંટાળો આવે છે. દરરોજ એક જ રંગનાં કપડાં પહેરવાં પણ ગમતાં નથી. એકધારા જીવનમાં ય મજા આવતી નથી.'

'સાચી વાત. આનંદ માટે વિવિધતા જોઇએ, તેથી પરમાત્માએ પોતાના આનંદ માટે વિવિધતાપૂર્ણ આ સૃષ્ટિ રચી. મહાન અંગ્રેજ નાટકકાર શેકસપિયર કહે છે: 'આ દુનિયા નાટકશાળા છે. સૌએ ત્યાં પોતાનો પાઠ સારી રીતે ભજવવાનો છે.' શ્રીવલ્લભાચાર્યજી કહે છે: 'આ જગત પ્રભુની લીલાભૂમિ છે. પ્રભુ પોતાના આનંદ માટે જગત રૂપ બની, લીલા કરી રહ્યા છે.' આથી નરસિંહ મહેતા કહે છે : 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.'

'આનો અર્થ એ થયો કે પરમાત્માએ પોતાના આનંદ માટે વિવિધતા લાવવા જીવોને જુદા જુદા સ્વભાવ અને શક્તિવાળા બનાવ્યા એમ જ ને?'

'હા, તદ્દન સાચું.'

'જીવોને મળેલો સ્વભાવ અને શક્તિ જીવના સામર્થ્યનું કારણ નથી. તેમાં પરમાત્માની જ ઇચ્છા રહેલી છે. તમે કઠપૂતળીનો ખેલ જોયો છે ને?

પડદા પાછળ રહેલ માણસ દોરી ખેંચે તેમ કઠપૂતળી નાચે. કઠપૂતળી પોતાની ઇચ્છા પ્રમાણે નાચી શક્તી નથી. વાજિંત્ર વગાડનાર કલાકારની ઇચ્છા પ્રમાણે વાજિંત્રમાંથી સૂર નીકળે છે. પોતાની ઇચ્છા પ્રમાણે વાજિંત્ર કદી સૂર કાઢી શક્તું નથી.’

‘હા, ભક્ત કવિ દયારામ કહે છે : ‘જ્યમ, જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નીસરે, જીવ તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે.’ જીવના સ્વભાવ અને શક્તિઓની વિવિધતાનું કારણ તો સમજાયું. હવે એક વધુ પ્રશ્ન થાય છે : જીવના સ્વભાવનું વર્ગીકરણ થયું છે ખરું?’

‘હા. જીવના સ્વભાવનું વર્ગીકરણ થયું છે. જીવનો મૂળ સ્વભાવ છે. ક્રિયાશીલ-ચેતનરૂપ. પરિણામે સમગ્ર પ્રાણીસૃષ્ટિ વર્તન કરે છે. જીવના સ્વભાવનું વર્ગીકરણ કરવા માટે વર્તનનું સ્વરૂપ સમજવું જરૂરી છે. વર્તનનાં ત્રણ ઘટકો છે, વિચાર, વાણી અને ક્રિયા. સૌ પહેલાં આપણે વિચાર કરીએ છીએ. આપણો વિચાર વાણી દ્વારા પ્રકટ કરીએ છીએ, તેને બીજી ઇન્દ્રિયો દ્વારા ક્રિયાશીલ બનાવીએ છીએ. તેથી શાસ્ત્રો કહે છે કે, વિચાર વાણી અને વર્તન (ક્રિયા)માં એકવાક્યતા હોવી જોઇએ.’

‘બિલકુલ સાચું. ‘મુખમેં રામ ઔર બગલમેં છૂરી.’ આવું યોગ્ય નથી.’

‘વિચાર વાણી અને ક્રિયા વર્તનનાં ત્રણ ઘટકો થયાં. વર્તનનો પાયો સ્વભાવ છે. જેવો સ્વભાવ તેવું વર્તન. કોઇકના સ્વભાવમાં જ્ઞાનની મુખ્યતા હોય છે. કોઇકના સ્વભાવમાં કર્મની મુખ્યતા હોય છે. તો કોઇકના સ્વભાવમાં લાગણીની મુખ્યતા હોય છે.’

‘હા, ઘણા લોકો જાણે છે ઘણું પણ કરવાની આવડત નથી હોતી. તેમનામાં લાગણી પણ ઓછી હોય છે. ઘણા કામ ખૂબ કરે, પણ જ્ઞાન ન હોય. તો ઘણામાં લાગણી વધુ હોય છે.’

‘તમારું નિરીક્ષણ સાચું છે. જીવ જયાંથી આવ્યો, ત્યાં જવા ઇચ્છે છે. જીવમાં જે ખૂટે છે તે મેળવવા ઇચ્છે છે. જીવ કયાં જવા ઇચ્છતો હશે? તે શું મેળવવા ઇચ્છતો હશે?’

‘કહું. જીવ પરમાત્મા પાસે જવા ઇચ્છે છે, કારણ તેમાંથી છૂટો પડ્યો છે. તે આનંદ મેળવવા ઇચ્છે છે, કારણ ‘આનંદ’ ઘટક ગુપ્ત છે.’

‘સાચું. જીવ પોતાના સ્વભાવ પ્રમાણે પરમાત્માને મેળવવાના પ્રયત્નો કરે. પરમાત્મા આનંદ સ્વરૂપ છે, તેથી પરમાત્મા મળતાં આનંદ પણ મળે. કેટલાક જીવો જ્ઞાન દ્વારા પરમાત્માને મેળવવાના પ્રયત્નો કરે. કેટલાક જીવો કર્મ દ્વારા પ્રયત્ન કરે. તો કેટલાક જીવો ભક્તિ દ્વારા પ્રયત્ન કરે, જેનામાં જ્ઞાનની મુખ્યતા છે તે જ્ઞાનમાર્ગે ચાલે. તેનામાં જ્ઞાનનો બીજભાવ છે. જેનામાં કર્મનો બીજભાવ છે તે કર્મમાર્ગે ચાલે. જેનામાં સ્નેહ-ભક્તિનો બીજભાવ છે તે ભક્તિમાર્ગે ચાલે. આથી જ જગતમાં ભગવાનને મેળવવાના જુદા જુદા માર્ગો છે. બધા જીવો માટે એક જ માર્ગ નથી, તેનું કારણ આ છે.’

‘ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં’નો ન્યાય ઇશ્વરને ત્યાં નથી, એમ જ ને?’

‘હા, પરમાત્માને મેળવવાનો કોઇ માર્ગ મહાન નથી અને કોઇ માર્ગ હીન નથી. બધા માર્ગે પરમાત્મા મળી શકે. સવાલ છે જીવની શક્તિનો. જે જીવ સ્નેહ-લાગણી-પ્રધાન બીજભાવવાળો છે. તેને ભક્તિનો માર્ગ જ અનુકૂળ પડે, જ્ઞાન કે કર્મમાર્ગ અનુકૂળ ન પડે. માટે આપણે આપણો સ્વભાવ-બીજભાવ ઓળખીને, તેને અનુકૂળ માર્ગે પરમાત્માને મેળવવા ચાલવું જોઇએ.’

‘બરાબર, રણમાં મુસાફરી કરવા ઊંટ જ જોઇએ, મારુતિ મોટર કામ ન આવે.

‘આ તો જીવના સ્વભાવ પ્રમાણે પરમાત્માને મેળવવાના માર્ગોનું વર્ગીકરણ જોયું. હવે જીવના સ્વભાવનું વર્ગીકરણ જોઇએ.’

‘હા, તે પણ સમજાવો.’

‘જીવ ભગવાનથી વિખૂટો પડ્યો તેને કેટલાં વર્ષો થયાં હશે?’

‘એ તો ખબર નથી. પણ જગતને થયાં એટલાં વર્ષો તો થયાં હશે ને?’

‘હા, તેની ચોકકસ ગણત્રી શક્ય નથી. આપણે એક ગામ છોડીને

બીજે ગામ રહેવા જઈએ, ત્યાં ઘણાં વર્ષો રહીએ. પછી પહેલાં રહેતા હતા તે ગામનાં બધા માણસો યાદ રહે ખરાં?'

'ના, રે ના. ભૂલી જ જવાય. સંપર્ક તૂટી જાય પછી યાદ ઓછું રહે.'

'બરાબર, જીવને પણ આવું જ થયું. ભગવાનથી છૂટા પડ્યે હજારો વર્ષો પસાર થઈ ગયાં. ભગવાન સાથેનો સંપર્ક છૂટી ગયો. જગતમાં જન્મ-મરણના ફેરા ચાલ્યા. નવા સંબંધો ઊભા થયા. આ બધી ઘટમાળમાં જીવ પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી ગયો. ભગવાન સાથેના તેના સંબંધને પણ ભૂલી ગયો. ભગવાનને પણ ભૂલી ગયો.'

'સાચી વાત કહી. તમે આ બધું કહ્યું, ત્યારે અમને પણ આ વાતનું આજે જ ભાન થયું.'

'ભગવાન સાથેનો જીવનો સંબંધ યાદ કરાવવા, ઘણા મહાપુરુષો પણ જગતમાં અવતર્યા, તેના પરિણામે અમુક જીવોને તેમની ભૂલ સમજાઈ. પણ મોટાભાગના જીવોને આ વાત ગળે ન ઊતરી. આથી જીવો બે વિભાગમાં વહેંચાઈ ગયા.'

'કયા બે વિભાગ થયા?'

'જે જીવોને ભગવાન સાથેના મૂળ સંબંધનું ભાન થતાં, ભગવાનને મેળવવાના કોઈ એક માર્ગે ચાલવા લાગ્યા તેવા જીવોનો એક વિભાગ. જે જીવો ભગવાનને મેળવવાની મથામણ કરવાને બદલે જગતમાં રચ્યાપચ્યા રહેવા લાગ્યા તે બીજા પ્રકારના જીવો.'

'હા, હં. આવા પ્રકારના માણસો આજે દુનિયામાં દેખાય છે તો ખરા !'

'તો આ બંને પ્રકારના જીવોને શાસ્ત્રોએ નામ પણ આપ્યાં. જગદીશને માટે મથનાર જીવો તે દૈવી જીવો. જગતમાં રચ્યાપચ્યા રહેનાર જીવો તે આસુરી જીવો. ભક્તકવિ ગોપાલદાસ કહે છે: 'દૈવી આસુરી બે મૂરત પ્રગટાવી હરિ મન કરીને વિચાર'. જે દેવ અર્થાત્ ભગવાનને પામવા પ્રયત્નશીલ રહે તે દૈવી, જે અસુર અર્થાત્ ઈન્દ્રિયોમાં રચ્યાપચ્યા રહે તે આસુરી.'

'આમાં દૈવી ચડિયાતા અને આસુરી ઊતરતા ને?'

'આપણી દૃષ્ટિએ એવું લાગે. પણ ભગવાનની દૃષ્ટિમાં એવું નથી હોં, ભગવાનને તો બધા સરખા. મા-બાપને મન તો બધા સરખા જ ને? આપણે ફરીથી શાસ્ત્રની વાત યાદ કરીએ. ભગવાને લીલા કરવા આ જગતની રચના કરી છે. નાટકમાં એક નટ નાયક બને, એક વિદૂષક બને તો એક ખલનાયક પણ બને. જે ખલનાયક બને છે તે દુષ્ટ માણસનું પાત્ર ભજવે છે. તે પોતે દુષ્ટ હોતો નથી, તેમ ભગવાનના આ લીલા-નાટકમાં જીવો દૈવી-આસુરીનાં પાત્ર ભજવે છે. તેથી ભગવાનને મન બધા સરખાં છે.'

'બરાબર, આપણે આસુરી જીવનો દ્વેષ ન કરવો. તેમનો તિરસ્કાર ન કરવો, એમ જ ને?'

'હા.'

'દૈવી અને આસુરી જીવોની ઓળખવાં બીજાં કોઈ લક્ષણો ખરાં?'

'હા, ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ સોળમા અધ્યાયમાં દૈવી અને આસુરી જીવોનાં લક્ષણો આપે છે. દૈવી પ્રકૃતિવાળા જીવોમાં નીચેનાં લક્ષણો જોવા મળે છે. નિર્ભયતા, શુદ્ધ અંતઃકરણ, ઈન્દ્રિયો પર કાબુ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરળતા, અહિંસા, સત્ય, અક્રોધ, કર્મના ફળનો ત્યાગ, શાંતિ, પ્રાણીમાત્ર પર દયા, વિષયોમાં અલોલુપતા, મૃદુતા, ક્ષમા, ધીરજ, પવિત્રતા, અદ્રોહ, દીનતા જેવાં ૨૬ લક્ષણો ગીતા બતાવે છે.'

'હવે આસુરી જીવોનાં લક્ષણો બતાવો.'

'આસુરી જીવોમાં પવિત્રતા, સદાચાર અને સત્ય હોતાં નથી. તેઓ ધર્મની બાબતમાં ઢોંગી, અભિમાની, ક્રોધી અને કઠોર હોય છે. તેઓ જગતને વિષયભોગ માટે માને છે. તેઓ વિવેક વિનાના, અલ્પબુદ્ધિવાળા, ઉગ્ર કર્મ કરનારા હોય છે. તેઓ વિષયભોગને શ્રેષ્ઠ માને છે. અન્યાયથી ધન મેળવવા ઈચ્છે છે. પોતાની જાતને મોટી ગણે છે. અહંકાર, બળ, કામ, ક્રોધ, લોભનો આશ્રય કરે છે. બીજા ઉપર હમેશાં દોષારોપણ કરે છે.'

'બરાબર. આવા માણસો તો આપણી દુનિયામાં મોટા પ્રમાણમાં છે.'

'ગીતાએ આ લક્ષણો બતાવ્યાં તે થર્મોમીટર છે. તાવ આવે ત્યારે થર્મોમીટરથી તાવ માપીએ. તેમ આપણે આપણી જાતને માપવી જોઇએ. મારામાં કયાં લક્ષણો છે? હું દૈવી છું કે આસુરી છું?'

'આપણે અરીસામાં મોં જોઇએ એટલે મોં કેવું છે, તે તરત જણાઇ જાય.'

'બરાબર. આસુરી જીવો માટે શ્રીવલ્લભાચાર્યજી એક બીજું નામ આપે છે-પ્રવાહી જીવો.'

'તેમને પ્રવાહી જીવો કેમ કહ્યા?'

'આપણને તરતાં ન આવડતું હોય અથવા તરવાનો પ્રયત્ન કર્યા વિના નદી કે સમુદ્રમાં પડીએ તો શું થાય?'

'નદી કે સમુદ્રના પ્રવાહમાં ખેંચાઇ જઇએ.'

'આવી રીતે જે જીવો ભગવાનને પામવાનો પ્રયત્ન ન કરતાં, સંસાર-સાગરમાં ઝંપલાવે તેઓ તે સાગરના પ્રવાહમાં-સંસારમાં જ રહે.તેઓ કદી ભગવાનને પામી શકે નહિ. જન્મ-મરણના ફેરા ફર્યા જ કરે. માટે તેમને પ્રવાહી જીવો કહ્યા.'

'આવા જીવો માટેની એક વાત મને યાદ આવી.'

'કહો.'

'પૈસો મારો પરમેશ્વર ને બૈરી મારી ગુરુ,
છૈયાંછોકરાં શાલિગ્રામ, સેવા કોની કરું?'

'સ્થિતિ આવી જ છે. હવે વાત કરીએ દૈવી જીવોની. દૈવી જીવો બે પ્રકારના. કેટલાક જીવો શાસ્ત્રે બતાવેલા માર્ગે સ્વપ્રયત્નથી ચાલે, જ્ઞાનમાર્ગે ચાલે, કર્મમાર્ગે ચાલે, કે ભકિતમાર્ગે ચાલે. શાસ્ત્રની મર્યાદા પ્રમાણે ચાલે તે મર્યાદા જીવો. કેટલાક જીવોને એમ લાગે કે આપણે સ્વપ્રયત્નથી આ માર્ગે ચાલી શકીશું નહિ. તેથી તેઓ ભગવાનના શરણે જાય. જેમ બાળક ચાલી ન શકે તો માતાના શરણે જાય, ત્યારે માતા તેને તેડી લે. તેમ જીવ જયારે ભગવાનના શરણે જાય, ત્યારે ભગવાન તેના પર કૃપા કરી તેને ચલાવે. કૃપા માટે શાસ્ત્રો 'પુષ્ટિ' શબ્દ વાપરે છે. આથી ભગવાનની કૃપાના બળથી ભગવાનને પામવાના માર્ગે આગળ વધતા જીવો તે પુષ્ટિ જીવો. આમ દૈવી જીવોના બે વિભાગ થયા. પુષ્ટિ જીવો અને મર્યાદા જીવો.'

'આ વાત તો સમજાઇ.'

'દૈવી જીવોનું એક બીજું વર્ગીકરણ પણ શાસ્ત્રોએ કર્યું. કેટલાક જીવો કંઇક મેળવવાની ઇચ્છા રાખી જ્ઞાન, કર્મ કે ભક્તિના માર્ગે ચાલે છે. પોતાના લૌકિક સ્વાર્થની ઇચ્છા રાખનારા આ જીવો સકામ જીવો છે. કામ એટલે ઇચ્છા. ઇચ્છા રાખે તે સકામ. પરંતુ કેટલાક જીવો એવા પણ છે, જે કેવળ ભગવાનને જ મેળવવાની ઇચ્છા રાખી, જ્ઞાન, કર્મ કે ભક્તિના માર્ગે ચાલે છે. તેમને કોઇ લૌકિક ઇચ્છા કે અપેક્ષા હોતી નથી. આવા જીવો નિષ્કામ જીવો કહેવાય છે.'

'હા, પણ લોકો એમ કહે છે કે મારે ઘેર દીકરો જન્મે, માટે હું વ્રત કરું છું. ઘણાં લોકો ધન મેળવવા ભગવાનની પૂજા સેવા કરે છે. આ તો વેપાર કહેવાય, ધર્મ ન કહેવાય.'

'બિલકૂલ સાચું.'

'અમે ભણતા ત્યારે સંસ્કૃતમાં એક શ્લોક આવતો હતો. તેનો અર્થ આવો હતો. માણસ અને પશુ બંને ભૂખ લાગે, ત્યારે પેટ ભરે છે, ઊંઘ આવે છે ત્યારે સૂઇ જાય છે, બંનેને ભય લાગે છે. બંને પ્રજા ઉત્પન્ન કરે છે. આમ માણસ અને પશુ સરખાં છે. પરંતુ મનુષ્ય ધર્મનું આચરણ કરી શકે છે. પશુ ધર્મનું આચરણ કરી શકતું નથી. આ બાબતમાં માણસ પશુથી જુદો પડે છે.'

'હા. આથી જ ધર્મનું આચરણ જીવ મનુષ્યયોનિમાં જ કરી શકે છે. બીજી કોઇપણ યોનિમાં જીવ ધર્મનું આચરણ કરી શક્તો નથી. ધર્મ એટલે જે માર્ગનું જીવ માનવદેહમાં રહીને આચરણ કરે તેને ધર્મ કહેવાય.'

'સાચું. તેથી સૌ સૌના સ્વભાવ પ્રમાણેનો ધર્મ પસંદ કરે તે જરૂરી છે, નહિ?'

'હા. શ્રીવલ્લભાચાર્યજી પુષ્ટિ અને મર્યાદા જીવોનું પણ વિગતવાર વર્ગીકરણ બતાવે છે. પુષ્ટિજીવો પ્રભુના કૃપાબળે ધર્માચરણ કરે છે, પરંતુ તેમનો બીજભાવ જ્ઞાન, કર્મ કે ભક્તિનો તો હોય જ, અથવા જીવનનો આનંદપ્રમોદનો-પ્રવાહી-બીજભાવ પણ હોય. તેથી જે પુષ્ટિજીવોમાં ભક્તિનો બીજભાવ પ્રધાન હોય તે 'પુષ્ટિપુષ્ટિ' જીવ. જેમનામાં મર્યાદાનો બીજભાવ પ્રધાન હોય તે 'પુષ્ટિમર્યાદા' જીવ. જેનામાં પ્રવાહનો બીજભાવ પ્રધાન હોય તે 'પુષ્ટિપ્રવાહી' જીવ. જેનામાં પ્રભુની કૃપા જ પ્રધાન હોય તે 'શુદ્ધ પુષ્ટિ જીવ.'

'આ વર્ગીકરણ વધુ વિગતે સમજાવો તો?'

'શ્રીવલ્લભાચાર્યજી સમજાવે છે કે : સમગ્ર જીવસૃષ્ટિમાં પુષ્ટિ જીવો નિરાળા છે. તેઓ ભગવાનના કૃપાપાત્ર છે. તેઓ ભગવાનના શ્રીઅંગમાંથી પ્રકટ થયા છે. તેમના સ્વભાવને કારણે તેમના દેહ અને તેમની ક્રિયાઓ ભગવાનની સેવા માટે અનુકૂળ છે. તેથી તેમનું મુખ્ય કર્તવ્ય ભગવાનની સેવા જ છે. આ સેવા દ્વારા તેમને ભગવાનના મૂળ આનંદ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આવા પુષ્ટિ જીવોના બે પ્રકાર છે. (૧) શુદ્ધ પુષ્ટિ જીવ અને (૨) મિશ્ર પુષ્ટિ જીવ.'

'શુદ્ધ પુષ્ટિ જીવ કેવા હોય?'

'જેમને પ્રભુની પ્રેમલક્ષણા ભક્તિ સિદ્ધ થઇ છે તે શુદ્ધ પુષ્ટિ જીવ. તેઓ કેવળ પ્રભુના સુખ માટે જ જીવે છે. તેમનું સમગ્ર જીવન પ્રભુમાં પ્રેમમય હોય છે. પ્રભુ સિવાય તેમને જગતમાં બીજો કોઇ રસ હોતો નથી. તેઓ પ્રભુ સિવાય જયતમાં બીજા કોઇને જાણતા નથી. તેમનું જગત જગદીશમાં જ સીમિત છે. તેમને જગતમાં સર્વત્ર જગદીશ જ નજરે પડે છે.'

'ભક્તકવિ મીરાંબાઇ ગાય છે: 'ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે, મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવે રે.'

'હા, બીજા ભક્તકવિનો પણ આવો જ અનુભવ છે. 'આગે કૃષ્ણ, પાછે કૃષ્ણ, ઇત કૃષ્ણ, ઉત કૃષ્ણ, હોં તો ભઇ રી કૃષ્ણમયી રી.' એક ગોપિકા આવી સ્થિતિમાં દહીં વેચવા નીકળી છે. મન માધવમાં લીન છે, તેથી હોઠ ઉચ્ચારે છે : 'માધવ લ્યો, માધવ લ્યો.' મહી લ્યો કહેવાને બદલે તેનાથી બોલાઇ જાય છે માધવ લ્યો. આ શુદ્ધપુષ્ટિની અવસ્થા. આવા એક ભક્તને પોતાના ઇષ્ટ શ્રીનાથજીનાં જગતમાં આ સ્વરૂપે દર્શન થાય છે. 'વૃક્ષ વૃક્ષ શ્રીનાથજી, ડાળ ડાળ શ્રીનાથજી, પત્ર પત્ર ને પુષ્પે પુષ્પે રમતા રંગીલા શ્રીનાથજી.'

'આવા જીવો તો ઘણા ઓછા જ હોય ને?'

'હા. શ્રીમહાપ્રભુજી મિશ્ર પુષ્ટિજીવોના ત્રણ પ્રકાર બતાવે છે. જે પુષ્ટિ જીવોમાં ભક્તિ, જ્ઞાન કે કર્મ અથવા પ્રવાહ માર્ગનો બીજ ભાવ પ્રધાન છે, તે મિશ્ર પુષ્ટિ જીવો છે. તેથી તેમના ત્રણ પ્રકાર થયા. (૧) પુષ્ટિપુષ્ટિ જીવ (૨) પુષ્ટિમર્યાદા જીવ (૩) પુષ્ટિપ્રવાહી જીવ.'

પુષ્ટિપુષ્ટિ જીવ પ્રભુની કૃપાથી પ્રભુના અભિપ્રાયને જાણી શકે છે. તેઓ સર્વજ્ઞ હોય છે. તેઓ સેવા અને સ્મરણમાં વિશેષ રુચિવાળા હોય છે. તેમનું જીવન સેવા-સ્મરણપરાયણ હોય છે. પુષ્ટિમર્યાદા જીવનાં લક્ષણો એ છે કે તેઓ ભગવાનના ધર્મોને જાણે છે. તેઓ સેવા કરે છે. પરંતુ તેમની આસક્તિ કથા અને સ્મરણમાં વિશેષ હોય છે. તેઓ વૈદિક કાર્યો, જપ, વ્રત વગેરેમાં પણ વિશેષ રુચિવાળા હોય છે. ત્રીજા પ્રકારના જીવો પુષ્ટિપ્રવાહી જીવો છે. તેઓ ભગવદ્ધર્મને થોડા પ્રમાણમાં જાણે છે. તેમની સેવા ક્રિયાત્મક હોય છે. તેમની સેવામાં અલ્પ રુચિ હોય છે. તેઓ તીર્થાટનમાં વિશેષ રુચિ ધરાવે છે.'

'હવે મર્યાદા જીવોનું વર્ગીકરણ સમજાવો.'

'શ્રીમહાપ્રભુજી કહે છે કે : 'મર્યાદા જીવો શાસ્ત્રની આજ્ઞા અને મર્યાદામાં રહીને ભગવાનને પામવા પ્રયત્ન કરે છે. તેથી તેમના દેહ અને ક્રિયાઓ વૈદિક ધર્મોને અનુકૂળ હોય છે. મર્યાદા જીવોના પણ ત્રણ પ્રકાર છે. (૧)

મર્યાદા પુષ્ટિ જીવ (૨) મર્યાદા-મર્યાદા જીવ અને (૩) મર્યાદા પ્રવાહી જીવ. જે જીવો ભગવાનનું માહાત્મ્ય જાણીને, ભગવાનની પ્રીતિ માટે નિષ્કામ ભાવે જ્ઞાન કે કર્મમાર્ગે ચાલે તે મર્યાદા પુષ્ટિ જીવ. જે જીવો સ્વર્ગાદિ સુખો માટે સકામ ભાવે જ્ઞાન કે કર્મના માર્ગે ચાલે તે મર્યાદા-મર્યાદા જીવ. જે જીવો લૌકિક સુખો માટે સકામ ભાવે જ્ઞાન કે કર્મના માર્ગે ચાલે તે મર્યાદા પ્રવાહી જીવ.'

'બરાબર. આ પ્રકારે પ્રવાહી જીવોનું વર્ગીકરણ પણ થયું છે?'

'હા. પ્રવાહી જીવો જન્મ-મરણની ઘટમાળમાં ફરનારા છે. તેમનાં દેહ અને ક્રિયાઓ કેવળ લૌકિક કાર્યોમાં જ આસક્ત હોય છે. આવા પ્રવાહી જીવો બે વિભાગમાં વહેંચાયેલા છે. (૧) દુર્જ્ઞ (૨) અજ્ઞ. જે જીવો જગત રૂપ ભગવાનનો દ્રોહ કરનારા છે અને સહજ રીતે સ્વભાવથી આસુરી છે, તે દુર્જ્ઞ જીવો છે. તેમને ક્યારેય ભગવાનની પ્રાપ્તિ થતી નથી. પરંતુ કેટલાક જીવો સ્વભાવથી આસુરી નથી. શાપના કારણે અસુરકુળમાં જન્મ્યા છે. તે 'અજ્ઞ' કહેવાય છે. તેઓ સંપર્કથી આસુરી બન્યા છે. તેમના દોષનું નિવારણ થયેથી તેમનો પણ મોક્ષ શક્ય છે.'

'તો પ્રવાહી જીવોના બે જ પ્રકાર - દુર્જ્ઞ અને અજ્ઞ ને?'

'ના, પુષ્ટિ અને મર્યાદા જીવોની જેમ આસુરી-પ્રવાહી જીવોના પણ ત્રણ પ્રકાર તો ખરા જ. (૧) પ્રવાહપુષ્ટિ જીવ (૨) પ્રવાહમર્યાદા જીવ (૩) પ્રવાહ-પ્રવાહ જીવ. જે જીવો લૌકિક સુખો ભોગવવા માટે જ ભગવત્‌સેવાને અનુકૂળ કર્મો કરે છે તે પ્રવાહપુષ્ટિ જીવ. જે જીવ લૌકિક સુખો ભોગવવા માટે જ મર્યાદા કર્મો કરે છે તે પ્રવાહમર્યાદા જીવ. જે જીવો કેવળ લૌકિક કર્મો કરીને લૌકિક સુખો મેળવવા મથે છે તે પ્રવાહપ્રવાહ જીવ.'

'જીવોના દસ પ્રકાર થયા. પરંતુ એવા પણ કેટલાક જીવો દેખાય છે, જે કોઈપણ એક માર્ગમાં સ્થિર હોતા નથી. રાજકારણની ભાષામાં કહીએ તો તેઓ પાટલી બદલતા હોય છે.. તેમનો સમાવેશ કયાં થાય?'

'શ્રીવલ્લભાચાર્યજી આવા જીવોને 'ચર્ષણી' જીવ કહે છે. તેમનાં મન અસ્થિર હોય છે. તેમનાં અસ્થિર ચિત્ત અને ક્રિયા પ્રમાણે તેમની ગતિ યમને આધીન છે. તેઓ જન્મ-મરણના ચક્કરમાં ફર્યા કરે છે. બાહ્ય રીતે, તેઓ પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા એમ ત્રણે માર્ગમાં ફરનાર છે.'

'હવે કોઇ વર્ગીકરણ બાકી રહે છે?'

'હા.'

'તે સમજાવો.'

'જીવ જન્મ લે ત્યારે પ્રકૃતિના ત્રણ ગુણ સત્ત્વ, રજ, તમ પૈકી કોઈ એક ગુણ અથવા મિશ્ર ગુણ તેને વળગે છે. આથી તે સાત્ત્વિક, સાત્ત્વિક-રાજસ, સાત્ત્વિક-તામસ, રાજસ-સાત્ત્વિક, રાજસ-રાજસ, રાજસ-તામસ, તામસ-સાત્ત્વિક, તામસ-રાજસ, તામસ-તામસ બને છે. સાત્ત્વિક એટલે શાંત, સંયમી, પવિત્ર. રાજસ એટલે ભોગવિલાસ તત્પર. તામસ એટલે ક્રોધી, હિંસક, નિર્દય, પાપી.'

'હા, આવા મનુષ્યો પણ જોવા મળે છે.'

'પુષ્ટિજીવોમાં પણ આ ગુણો હોય. ફરક એટલો કે તે લૌકિકના બદલે અલૌકિક હોય. કથા, સ્મરણ, જપમાં તત્પર તે પુષ્ટિસાત્ત્વિક. શ્રીઠાકોરજીના મનોરથોમાં તત્પર તે પુષ્ટિરાજસ. શ્રીઠાકોરજીને દઢતાથી વળગી રહેનાર, તે પુષ્ટિતામસ. કેવળ ભાવપ્રધાન તે પુષ્ટિનિર્ગુણ.'

'આમાં ઉત્તમ કોણ?'

પુષ્ટિનિર્ગુણ સર્વોત્તમ. પુષ્ટિતામસ ઉત્તમ. પુષ્ટિરાજસ મધ્યમ. પુષ્ટિ સાત્ત્વિક કનિષ્ઠ.'

'હજી એક બીજું વર્ગીકરણ પણ છે.'

'જરૂર કહો.'

'પુરુષ જીવ, સ્ત્રી જીવ, પશુ જીવ, આત્મઘાતી જીવ, કર્મન્ડ જીવ અને નિંદિતરસાર્થી જીવ. જે જીવ (મનુષ્ય) પરમાત્માને પામવા તત્પર હોય તે પુરુષ જીવ. જે જીવ તેની પ્રકૃતિને પરવશ રહી જગતમાં રચ્યો

પચ્યો હોય તે સ્ત્રી જીવ. જે જીવ પોતાની જાત પર કાબુ ન રાખે તે પશુ જીવ. જે જીવ પોતાના આત્માના આનંદથી વિરુદ્ધ વર્તન કરે તે આત્મઘાતી જીવ. જીવ જડતાથી કર્મો કર્યા કરે તે કર્મજડ જીવ. જે જીવને નિંદનીય બાબતોમાં રસ હોય તે નિંદિતરસાર્થી જીવ. પુરુષ જીવ સિવાયના જીવો પશુઘ્ન જીવો છે. પશુઘ્ન એટલે દૈત્યો - ક્રૂર અને હિંસક. તેમને ભગવાનમાં રસ ન પડે. તેમને ભગવાન ન મળે. માત્ર પુરુષ જીવને ભગવાન મળશે.'

'તમે જીવોનું વર્ગીકરણ ખૂબ વિગતવાર અને વિસ્તારથી સમજાવ્યું. વર્ગીકરણરૂપે આ અરીસાનો ઉપયોગ કરીને આપણે આપણા પોતાના જીવાત્માને ઓળખી લેવો જોઇએ, ખરુંને?

'ચોક્કસ. આગળ વધતાં પહેલાં જાતને જાણવી જ જોઇએ. મારામાં સંગીતની સ્વભાવત: શક્તિ જ નથી. તે જાણ્યા વિના સંગીત શીખવાની મથામણ કરું તો સમય અને શક્તિ વેડફાય. અને લાભ કશો જ ન થાય. અંધારામાં વસ્તુ શોધવા જેવું થાય. આ મતલબની એક વાર્તા યાદ આવે છે.'

'કહોને.'

'સંસ્કૃતમાં 'હિતોપદેશ' નામનો ગ્રંથ છે. તેમાં એક વાર્તા આવે છે. જંગલમાં સિંહ-સિંહણનું જોડું રહેતું હતું. સિંહણે બે બાળકોને જન્મ આપ્યો. બાળકોને એકલાં મૂકીને સિંહણ શિકાર કરવા જઇ શકતી નહિ. તેથી તે ખૂબ ભૂખી થઇ. તેના માટે શિકાર શોધવા સિંહ નીકળ્યો. સાંજ સુધીમાં કોઇ શિકાર મળ્યો નહિ, સિંહ નિરાશ થઇ સાંજે ગુફા તરફ પાછો ફરતો હતો, ત્યારે રસ્તામાં તરતનું જન્મેલું એક શિયાળનું બચ્ચું જોયું. સિંહને મા-બાપ વિનાના બચ્ચાની દયા આવી. તેણે જાળવીને બચ્ચાને દાંતમાં પકડ્યું અને ગુફા પાસે આવ્યો. તેણે સિંહણને જીવતું બચ્ચું સોંપ્યું અને કહ્યું: 'આજે માંડ આ બચ્ચું મળ્યું છે. મા-બાપ વિનાનું પડ્યું હતું. મને દયા આવી. તેથી મેં તેને માર્યું નથી. તું મારીને ખાઇ જા. તારી ભૂખ શાંત કર.' સિંહણને પણ દયા આવી. તેણે શિયાળના બચ્ચાને મારી નાખવાને બદલે પોતાના દૂધથી ઉછેરવા માંડ્યું. શિયાળનું બચ્ચું સિંહનાં બે બચ્ચાં સાથે મોટું થવા લાગ્યું. તે એમ જ માનતું કે હું પણ સિંહનું જ બચ્ચું છું. ત્રણે બચ્ચાં એક દિવસ જંગલમાં ફરવા નીકળ્યાં. રસ્તામાં એક હાથી આવતો હતો. તેને જોઇને સિંહના બચ્ચાએ કહ્યું : 'હાથી તો જન્મજાત આપણો દુશ્મન છે. ચાલો, તેના પર હુમલો કરીએ.' શિયાળના બચ્ચાએ કહ્યું: 'ના, ના. આપણે તો નાનાં બચ્ચાં છીએ. ચાલો ભાગી જઇએ. હાથી આપણને મારી નાખશે.' બચ્ચાં ગુફામાં પાછાં ફર્યાં. તેમણે આ વાત સિંહણને કહી. સિંહણે શિયાળના બચ્ચાંને એકાંતમાં બોલાવીને કહ્યું: 'ભાઇ, તું સિંહનું બચ્ચું નથી. તું શિયાળ છે. મારાં બે બચ્ચાં જાણી જાય કે તું શિયાળ છે, તે પહેલાં અહીંથી ભાગી જા. નહીં તો તેઓ તને મારી નાખશે. કારણ કે તું જે કુળમાં જન્મ્યો છે, ત્યાં હાથી મારી શકાતા નથી.' આ સાંભળીને શિયાળનું બચ્ચું જંગલમાં નાસી ગયું.

'આવી એક બીજી વાર્તા મને પણ યાદ આવી ગઇ. એક વખત જંગલનો રાજા મૃત્યુ પામ્યો. બીજો રાજા પસંદ કરવા પ્રાણીઓ ભેગાં થયાં. ત્યાં એક શિયાળ આવ્યું. તે ગામ બહાર આવેલા ભૂરા રંગના પાણીના કુંડમાં ડૂબકાં મારીને આવેલું. પરંતુ બીજા પ્રાણીઓ તેને ઓળખી ગયાં કે રંગ બદલીને આવેલું આ શિયાળ છે. તેથી બધાંએ તેને ભગાડી મૂક્યું.'

'બરાબર, આ વાર્તાઓનો સાર એટલો જ છે કે આપણે આપણી શક્તિ અને સ્વભાવને અનુસાર જ કાર્ય કરવું જોઇએ. જીવ તરીકે આપણો સ્વભાવ કયા પ્રકારનો છે, તે આ વર્ગીકરણની મદદથી સમજી લઇ, તે માર્ગે ચાલવું જોઇએ.'

'સાચી વાત, તમે હમણાં જ કહ્યું કે ભગવાનને માનવયોનિ દ્વારા જ મેળવી શકાય. બીજી યોનિ દ્વારા ધર્મનું આચરણ કરી શકાતું નથી. આપણી મનુષ્યની જિંદગી પણ ખૂબ ટૂંકી છે. તેમાં આપણે આપણી જાતને ઓળખ્યા વિના ફાંફાં માર્યા કરીએ તો જિંદગી ભગવાનને પામ્યા વિના જ પૂરી થઇ જાય ને?'

‘હા. ભાગવતમાં પ્રહ્‌લાદજીની કથા આવે છે. પ્રહ્‌લાદજી બાળપણથી જ ભક્તિ કરતા હતા. તેઓ કહેતા હતા કે: ‘ચોર્યાસી લાખ યોનિમાં માનવદેહ મળવો દુર્લભ છે. તેમાં પણ ભગવાનની ભક્તિ મળવી અતિ દુર્લભ છે. તેથી માણસે બાળપણથી જ ભક્તિમાં લાગી જવું જોઇએ.’

‘બિલકુલ સાચું. આપણે ભગવાનને મેળવવાનો પ્રયત્ન કરીએ પણ મૃત્યુ થાય ત્યારે જીવનું શું થતું હશે? આપણા શરીરમાંથી નીકળીને જીવ ક્યાં જતો હશે?’

‘આપણું મૃત્યુ થાય, ત્યારે જીવ શરીર છોડીને ચાલ્યો જાય છે. શરીર ઘરડું થાય, પણ આત્મા ઘરડો થતો નથી. આત્મા નિત્ય છે. તેને બાળપણ, યુવાની, ઘડપણ જેવી અવસ્થાઓ નથી. તે અનાદિ અને અનંત છે. આત્મા શરીરની જેમ જન્મતો અને મરતો નથી. તેથી મીરાંબાઇ કહે છે : ‘જૂનું તો થયું રે દેવળ, જૂનું રે થયું, મારો હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું.’

‘આપણું શરીર પિંજર છે અને આત્મા પક્ષી છે. બરાબર ને?’

‘હા. શરીર મૃત્યુ પામે ત્યારે સાપ કાંચળી ઉતારે તેમ આત્મા શરીર છોડીને ચાલ્યો જાય છે. મૃત્યુ શરીરનું થાય છે. ગીતા કહે છે: ‘જેમ આપણે જૂનાં વસ્ત્ર ઉતારીને નવાં વસ્ત્ર પહેરીએ તેમ આત્મા શરીર રૂપી જૂનાં વસ્ત્રને ઉતારી, નવા શરીર રૂપી નવા વસ્ત્રને ધારણ કરે છે. તેથી આત્મા અવિનાશી છે. તેનું કદાપિ મૃત્યુ થતું નથી.’

‘પરંતુ આત્મા જાય છે ક્યાં?’

‘શાસ્ત્રોએ આત્માની વિવિધ ગતિ બતાવી છે. જે જગતમાં જ રચ્યા પચ્યા રહે, એવા જીવોની બે ગતિ છે. જે ખરાબ કર્મો કરે છે, જે અનીતિથી જીવે છે, જે બીજાના ભોગે સુખી થવા મથે છે, તે બધાને નરકની ગતિ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રોએ નરકની ભયંકરતા વર્ણવી છે. જેમના જીવનમાં સારાં-નરસાં કર્મોનું મિશ્રણ છે, તે જુદી જુદી યોનિઓમાં જન્મ-મરણના ફેરામાં ફર્યા કરે છે. શ્રીશંકરાચાર્યજી કહે છે: ‘પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનનીજઠરે શયનં.’

‘હા, આપણામાં કહેવત છે કે : વાવીએ તેવું લણીએ, કરણી તેવી ભરણી.’

‘જે જીવો સ્વર્ગ આદિની ઇચ્છા રાખી, જ્ઞાન, કર્મ કે ભક્તિના માર્ગે ચાલે છે, તેમને તેમનાં પુણ્ય ભોગવવા મૃત્યુ પછી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.’

‘સ્વર્ગ એટલે શું?’

‘સ્વર્ગ એટલે એક પ્રકારની ફાઇવ-સ્ટાર હોટેલ. તે હોટેલમાં ઉત્તમમાં ઉત્તમ પ્રકારની સુખસગવડો હોય છે. પૈસા હોય તેવી સગવડો અને સુખો ભોગવવા મળે. તેમ પુણ્ય હોય એટલું સ્વર્ગમાં રહેવા મળે.’

‘પછી?’

‘પછી જગતમાં કોઇપણ યોનિમાં જન્મવાનું. જીવનની ઘટમાળ ફરી શરૂ.’

‘શું સ્વર્ગમાં કાયમી સ્થાન ન મળે?’

‘ના.’

‘ત્યારે સુખ પછીનું દુ:ખ તો વધારો અઘરું લાગે. કાયમી સુખનો ઉપાય ખરો?’

‘હા, શાસ્ત્રો કહે છે કે નિષ્કામ ભાવથી જ્ઞાન કે કર્મના માર્ગે ચાલવાથી જીવનો મોક્ષ થાય છે.’

‘મોક્ષ એટલે શું?’

‘મોક્ષ એટલે જેનામાંથી છૂટા પડ્યા, તેનામાં મળી જવું. પરમાત્મામાંથી છૂટો પડેલો જીવ પરમાત્મામાં લીન થઇ જાય, મળી જાય તેનું નામ મોક્ષ. પછી જીવનું અલગ અસ્તિત્વ જ ન રહે. એટલે જન્મ-મરણની ઘટમાળ પણ ન રહે. ગંગાજીમાંથી એક લોટો ભરી લઇએ, પછી તે જળ ગંગાજીમાં પાછું રેડી દઇએ, તો તે ગંગાજી બની જાય. પછી તેનું અલગ અસ્તિત્વ રહેતું નથી. આનું નામ મોક્ષ, આવો મોક્ષ થતાં જીવને જન્મ-જીવન-મરણનાં દુ:ખ ભોગવવાનાં રહેતાં નથી.’

'આ તો સારું. આપણે પણ જ્ઞાન, કર્મ કે ભક્તિના માર્ગે ચાલી આવો મોક્ષ મેળવવાની ઇચ્છા રાખી, તે દિશામાં પ્રયત્ન કરવો જોઇએ ને?'

'તમારા જેવું બધા માનતા નથી.'

'પ્રેમલક્ષણા ભક્તિના માર્ગે ચાલનારા ભક્તો તો મોક્ષને ગરીબોના ભોજન-રાબડી સાથે સરખાવે છે. રાબડી હોંશથી નથી ખવાતી. લાચારીથી ખવાય. ભક્તકવિ દયારામ કહે છે: 'રીઝે રાબડી થકી ગરીબ લોક રે, ભોગીને ન ભાવે રે.' મોક્ષ થતાં ભગવાનના આનંદનો આસ્વાદ લઇ શકાય નહિ. દૂધ-પાકના તપેલામાં મોં ડૂબાડી દેવાથી દૂધપાકનો સ્વાદ માણી ન શકાય. પણ દૂધ-પાકના ઘૂંટડા ભરવાથી જ તેના સ્વાદનો આનંદ મળે. તેથી ભક્તો કહે છે: 'વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહિ જાવું, ત્યાં નંદનંદન ક્યાંથી લાવું?' ભક્તોની ઇચ્છા છે : ભગવાનની સમીપ રહી, તેમની સાથે વાર્તાલાપનો, તેમની સેવાનો, તેમનાં દર્શનનો દિવ્ય અલૌકિક આનંદ સદાય માણતા રહેવાની. એને 'ગોલોકધામ'ના નામે આપણે ઓળખીએ છીએ. આ સૌથી ઉત્તમ ગતિ છે.

'આ ઉત્તમ ગતિને પામવા જીવે શું કરવું જોઇએ?'

'શાસ્ત્રોએ તેનો રસ્તો બતાવ્યો. જીવને પોતાની શક્તિઓનો પોતાના સ્વભાવ પ્રમાણે યોગ્ય ઉપયોગ કરવા શરીર રૂપી સાધન જરૂરી છે. જેમ એકલી વીજળી કશું કરી શકતી નથી, વીજળીનો ગોળો લગાવીએ તો વીજળી પ્રકાશ આપે છે, પંખો લગાવીએ તો વીજળી ઉર્જારૂપે પંખાને ચલાવે છે. તેમ આત્માને ઉત્તમ ગતિ પ્રાપ્ત કરવા માટે માનવશરીર રૂપી સાધન જરૂરી છે.'

'આપણા શરીરનો કેવી રીતે ઉપયોગ કરવો જોઇએ?'

'શ્રીવલ્લભાચાર્યજી આ પ્રશ્નનો સુંદર જવાબ આપે છે. માનવશરીરને અગિયાર ઇન્દ્રિયો મળી છે. તેમાં પાંચ કર્મેન્દ્રિયો છે, પાંચ જ્ઞાનેન્દ્રિયો છે અગિયારમું મન છે. આ અગિયાર ઇન્દ્રિયો દ્વારા જીવ સારી-નરસી બધી પ્રવૃત્તિઓ કરે છે. ઇન્દ્રિયો ભારે શક્તિશાળી છે. જેમ રથને ઘોડા જોડવામાં આવે તેમ દેહને અગિયાર ઇન્દ્રિયો રૂપી અગિયાર ઘોડા જોડાયેલા છે. આવા શરીર રૂપી રથનો સારથિ આત્મા છે. સારથિ તાકાતવાળો હોય તો ઘોડાઓને કાબૂમાં રાખીને રથને સારી રીતે ચલાવીને જ્યાં પહોંચવું હોય ત્યાં પહોંચાડે છે. પરંતુ સારથિ ઢીલો હોય, ઓછી તાકાતવાળો હોય તો, અગિયાર-અગિયાર ખૂંખાર ઘોડાઓને કાબૂમાં રાખી ન શકે. આ સ્થિતિમાં તાકાતવાળા ઘોડાઓ સારથિને ગાંઠતા નથી. ત્યારે સારથિને ઘોડાઓ ગબડાવી પણ દે. ઘોડાઓ સારથિના નિયંત્રણમાં ન રહે તો રથ સલામત ન રહે. રથમાં બેસનાર ન રહે. આથી શ્રીવલ્લભાચાર્યજી સમજાવે છે કે ઇન્દ્રિયોરૂપી અશ્વોને પૂરા નિયંત્રણમાં રાખવા.'

'આ કાર્ય કેવી રીતે થાય?'

'શ્રીવલ્લભાચાર્યજી કહે છે : આપણે સ્વધર્મનું દૃઢતાથી પાલન કરવુ અને વિધર્મથી દૂર રહેવું. સ્વધર્મના પાલનમાં સમજપૂર્વક આપણી ઇન્દ્રિયોને ઉપયોગમાં લેવી.

'શ્રીવલ્લભાચાર્યજી સમજાવે છે કે આત્મા શરીરને ધારણ કરે છે. તેથી બે પ્રકારના ધર્મો છે. (૧) શરીરના ધર્મો (૨) આત્માના ધર્મો. જ્યાં સુધી આપણને આપણા શરીરનું જ્ઞાન અને ધ્યાન છે, 'હું' એટલે શરીર એવી સમજ અને એવું વર્તન છે, ત્યાં સુધી શરીરના ધર્મોનું આચરણ આવશ્યક છે. શરીરના ધર્મો એટલે શાસ્ત્રોએ બતાવેલા વર્ણાશ્રમના ધર્મો. વર્ણ ચાર છે. (૧) બ્રાહ્મણ (૨) ક્ષત્રિય (૩) વૈશ્ય (૪) શૂદ્ર. દરેક વર્ગના ધર્મો પણ નિશ્ચિત છે. બ્રાહ્મણનો ધર્મ અધ્યયન, અધ્યાપન, યજ્ઞ, યાગ વગેરે છે. ક્ષત્રિયનો ધર્મ પ્રજાપાલન અને રક્ષણનો છે. વૈશ્યનો ધર્મ કૃષિ, વ્યાપાર છે. શૂદ્રનો ધર્મ ઉપરના ત્રણે વર્ણોની સેવાનો છે. દરેક વ્યક્તિ જે વર્ણનો હોય તે વર્ણના ધર્મોનું પાલન કરવું તે તેનો શારીરિક સ્વધર્મ છે. આ પ્રમાણે આશ્રમ પણ ચાર છે. (૧) બ્રહ્મચર્ય (૨) ગૃહસ્થ (૩) વાનપ્રસ્થ (૪) સંન્યાસ. આ માટે આશ્રમના પણ પોતપોતાના ધર્મો છે. બ્રહ્મચર્ય આશ્રમમાં અધ્યયન, ગૃહસ્થ આશ્રમ દરમ્યાન ગૃહસ્થ જીવન,

વાનપ્રસ્થમાં ગૃહત્યાગ અને સંન્યાસમાં સંસારત્યાગ દ્વારા સન્યાસી જીવન- આ આશ્રમ ધર્મો છે. દરેક વ્યક્તિએ પોતાના વર્ણના અને આશ્રમના ધર્મોનું પાલન કરવું તે તેના શારીરિક સ્વધર્મ છે. વ્યક્તિ પોતાના વર્ણ અને આશ્રમના ધર્મો ન પાળતાં બીજા ધર્મો પાળે તે તેના માટે પરધર્મ છે.’

‘આ વાત થોડી વિગતે સમજાવોને !’

‘જુઓ, હું અને તમે વણિક છીએ. તેથી આપણો વર્ણ વૈશ્ય છે. તમે ખેતી કરો છો, ખેતી વૈશ્ય વર્ણનો ધર્મ છે. હું વેપાર કરું છું. વેપાર વૈશ્ય વર્ણનો ધર્મ છે. તેથી આપણે વર્ણનો સ્વધર્મ પાળીએ. પરંતુ આપણે યજ્ઞયાગાદિ કર્મકાંડ કરીએ કરાવીએ અથવા સૈન્યમાં ભરતી થઈએ તો તે આપણો પરધર્મ બને.’

‘આનું શું કારણ?’

‘આનું કારણ એક જ : દરેક જીવનો બીજભાવ-સ્વભાવ અલગ અલગ છે. વેપાર કે ખેતીના બીજભાવ-સ્વભાવવાળી વ્યક્તિ અધ્યયયન-અધ્યાપન કે યુદ્ધને સારી રીતે ન્યાય ન જ આપી શકે. મનોવિજ્ઞાન પણ આ સિદ્ધાંત સ્વીકારે છે. દરેક વ્યક્તિમાં રસ, રુચિ, વલણ, વિશિષ્ટ શક્તિ, બુદ્ધિ વગેરે અલગ અલગ હોય છે. તેની આ બધી બાબતોને ઓળખીને, તેને યોગ્ય પ્રવૃત્તિ મળે તો તે વ્યક્તિ તે પ્રવૃત્તિને વધુ સારો ન્યાય આપી શકે છે. આથી શિક્ષણ અને વ્યવસાયમાં આ બાબતો ધ્યાનમાં લેવાય છે.’

‘અહીં એક પ્રશ્ન થાય છે : વર્ણનો સંબંધ જન્મથી કે કર્મથી?’

‘બંનેથી. શ્રીવલ્લભાચાર્યજી ઉદાહરણ આપે છે. એક વ્યક્તિ બ્રાહ્મણ વંશમાં જન્મે છે. યજ્ઞોપવિત લઈ બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરે છે. પરંતુ બ્રાહ્મણવર્ણના ધર્મ પાળતી નથી. યજ્ઞોપવિતની દીક્ષાથી બ્રાહ્મણ વર્ણની દૈવીશક્તિ બ્રહ્મણ્ય દેવતા તે વ્યક્તિમાં પ્રવેશે છે અને તેના કારણે તે વર્ણના ધર્મોનું પાલન કરવાનું સરળ બને છે. પરંતુ વર્ણના ધર્મોનું પાલન ન કરનારમાં વર્ણની દૈવી શક્તિ રહેતી નથી. કેવળ જન્મથી જ વર્ણની પૂર્ણતા નથી. વારસો અને વાતાવરણ બંને વ્યક્તિના ઘડતરમાં મહત્ત્વનાં છે. કેવળ જન્મથી

વર્ણની પૂર્ણતા નથી. તેમ કેવળ કર્મથી પણ વર્ણની પૂર્ણતા નથી. તેથી શ્રીવલ્લભાચાર્યજી વર્ણ અને આશ્રમના ધર્મોને શારીરિક સ્વધર્મ કહે છે.’

‘આ વાત તો સમજમાં આવી. ફરજ બજાવવા માટે પણ, તેને અનુરૂપ જન્મજાત સંસકારો જરૂરી છે. કેવળ જન્મજાત સંસ્કારો પણ પૂરતા નથી, તેને અનુરૂપ ફરજો નિત્ય બનાવવી પણ જરૂરી છે. પરંતુ આ તો શરીરના ધર્મો થયા, કારણ કે વર્ણ અને આશ્રમ શરીર સાથે જોડાયેલાં છે, આત્મા સાથે જોડાયેલાં નથી. આ જન્મમાં જે બ્રાહ્મણ હોય તે બીજા જન્મમાં શૂદ્ર પણ હોઈ શકે, ખરું ને?’

‘ખરું.’

‘તો આત્માના ધર્મો કયા?’

‘આપણે માનવદેહ ધારણ કર્યો છે, તેથી શરીરના ધર્મોનું બીજું નામ માનવધર્મ છે. જેમ પશુ પશુની જેમ જીવે, તેમ માણસે માણસની જેમ જીવવું જોઈએ. પરંતુ આપણા વર્તનમાં માણસ કરતાં પશુનાં લક્ષણો વધારે જોવામાં આવે છે.તેથી આપણે માણસની જેમ જીવવું જોઈએ. માનવધર્મનું પાલન કરવું જોઈએ. એવા ઉપદેશ આપવાની જરૂર પડે છે. પશુને કહેવું નથી પડતું કે તું તારી જાતિના ધર્મનું પાલન કર. ગાય-ગાયની જેમ જ જીવે છે. અને ભેંસ-ભેંસની જેમ જ જીવે છે. પણ માણસ ઘણીવાર માણસની જેમ જીવતો નથી. તે કયારેક વાઘસિંહની જેમ જીવે છે. કયારેક વાંદરાની જેમ જીવે છે. તો કયારેક ગધેડા કે ઘેટાની જેમ જીવે છે. તેથી માણસને પશુ સાથે સરખાવાય છે, પશુને માણસ સાથે સરખાવાતું નથી. આથી જ એક કવિએ કહ્યું : ‘હું માનવી માનવ થાઉં તો ઘણું’. માટે જ શ્રીવલ્લભાચાર્યજી પણ માનવીએ પ્રથમ શરીરના ધર્મો-માનવધર્મનું પાલન કરવું જોઈએ એમ કહે છે. માનવ શરીરમાં આત્મા રહ્યો છે, જેમ તપેલીમાં દૂધ રહે. દૂધ માટે તપેલી જરૂરી છે, આમ માનવધર્મ આત્મધર્મ માટે જરૂરી છે. માનવીને માનવધર્મનું આચરણ સહજ રીતે થવું જોઈએ. તેના માટે વિશેષ પ્રયત્નો કરવાની જરૂર ન હોવી જોઈએ. પરંતુ સ્વાભાવિક રીતે

આપણે માનવધર્મનું પાલન કરવામાં તત્પર હોતા નથી, તેનાં બે કારણો શ્રીવલ્લભાચાર્યજી બતાવે છે. (૧) આપણે ભોગવિલાસમાં ગળાડૂબ છીએ. જીભ અને જનનેન્દ્રિયની પ્રબળતા છે. આપણી વિષયવાસના સંતોષવા આપણે માનવ મટી પશુ જેવા થઇ જઇએ છીએ અને તેથી આપણા માનવધર્મો જાણવા છતાં તેમને આચરવામાં શિથિલ થઇએ છીએ.’

‘ખરી વાત. મહાભારતમાં દુર્યોધન ભગવાન કૃષ્ણને કહે છે: ‘હું ધર્મ શું તે જાણું છું ખરો, પણ ધર્મની પ્રવૃત્તિ કરી શક્તો નથી. આપણી સ્થિતિ પણ આવી જ છે. આપણે પણ ધર્મ શું છે તે જાણીએ તો છીએ જ, પણ તેનું આચરણ કરતા નથી. એટલે દુર્યોધન આપણો પ્રતિનિધિ છે. પણ જગતમાં બધા દુર્યોધનો જ નથી. યુધિષ્ઠિર પણ છે. કારણ કે યુધિષ્ઠિર કહે છે: ‘હું અધર્મને જાણું છું’ પણ તેમાં પ્રવૃત્ત નથી.’

‘બિલકુલ સાચી વાત કહી. મારો પ્રશ્ન આત્માના ધર્મ વિષેનો હતો.’

‘શાસ્ત્રોએ આત્માના મુખ્ય ત્રણ ધર્મ બતાવ્યા. જો આત્મામાં જ્ઞાનનો બીજભાવ છે તો જ્ઞાનમાર્ગે ચાલો. જો કર્મનો બીજભાવ છે તો કર્મમાર્ગે ચાલો. જો ભક્તિનો બીજભાવ છે તો ભક્તિમાર્ગે ચાલો. શ્રીવલ્લભાચાર્યજીને પુરુષોત્તમદાસ જોષીએ પૂછ્યું હતું : ‘પ્રભુને મેળવવા માટે કયો માર્ગ ઉત્તમ?’ ત્યારે શ્રીવલ્લભાચાર્યજીએ જવાબ આપ્યો હતો: ‘પ્રભુને મેળવવા માટે શાસ્ત્રોએ બતાવેલા બધા જ માર્ગો ઉત્તમ છે. માર્ગની શ્રેષ્ઠતા અને હીનતાનો પ્રશ્ન જ નથી. પ્રશ્ન મારે માટે કયો માર્ગ અનુકુળ આવશે તેનો છે. જેને જે માર્ગ અનુકૂળ આવે તેને માટે તે માર્ગ યોગ્ય છે.’

‘આનો અર્થ એ થયો કે ઘરમાં પણ બે વ્યક્તિઓનો બીજભાવ અલગ અલગ હોઇ શકે. પરિણામે તેમના માટેના માર્ગો પણ અલગ અલગ હોય. ખરું ને?’

‘હા, માર્ગ શબ્દ સંસ્કૃતમાં ‘મૃગ્’ ધાતુ પરથી બન્યો છે. ‘મૃગ્’ ધાતુનો અર્થ છે શોધવું. આપણા લક્ષ્યને શોધવાનો પ્રયત્ન તેનું નામ માર્ગ. આપણું લક્ષ્ય છે પરમાત્મા. જયાંથી વિખૂટા પડ્યા છીએ તેને મેળવવા છે. જીવનો સાચો સંબંધ કેવળ પરમાત્મા સાથે જ છે. પરમાત્મા સાથેના મૂળ સંબંધને લઇને જ જીવ જગતમાં પણ બીજાઓ સાથે જીવે છે.’

‘પરમાત્માને પામવાના માર્ગોનો વિચાર કરતાં એક પ્રશ્ન થાય છે: ‘જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ આજના સમયમાં અઘરા નથી?’

‘છે જ. શ્રીવલ્લભાચાર્યજી તો એમ કહે છે કે કેવળ જ્ઞાન અને કર્મ જ નહિ. ભક્તિમાર્ગ પણ સામાન્ય મનુષ્યો માટે દુ:સાધ્ય છે.’

‘તો પછી કયા આત્મધર્મનું પાલન સરળતાથી કરી શકાય?’

‘ગીતામાં ભગવાન કૃષ્ણે અર્જુનને પ્રથમ આ ત્રણે માર્ગો સમજાવ્યા. ત્યારબાદ કહ્યું: ‘અર્જુન, તને એમ લાગે કે આ ત્રણ માર્ગ પૈકી કોઇપણ માર્ગે તું ચાલી શકે તેમ નથી, તો ચિન્તા કરીશ નહિ. તું બધું છોડી મારા શરણે આવી જા. તારી બધી ફિકર હું ઉઠાવી લઇશ.’ આને કહેવામાં આવે છે શરણમાર્ગ. તેનું શાસ્ત્રીય નામ છે પ્રપત્તિ માર્ગ.’

‘શરણમાર્ગ વધારે સ્પષ્ટ રીતે સમજાવો ને!’

‘એક બાળક પોતાની શક્તિથી ચાલી શકતું નથી, ત્યારે તે શું કરે છે?’

‘તે બેસી જાય છે.’

‘ત્યારે તેની માતાના શરણે જાય છે. તેથી માતા તેને તેડી લે છે. બાળકને ભય લાગે ત્યારે તે તેની માતાના ખોળામાં લપાઇ જાય છે. તેથી તે નિર્ભય બને છે.’

‘સાચી વાત.’

‘આમ, આપણે પણ જ્ઞાન, કર્મ કે ભક્તિના માર્ગે ચાલી ન શકીએ ત્યારે ભગવાનનું શરણ સ્વીકારી, તેમના ખોળે બેસી જઇએ, તો ભગવાન કૃપા કરી આપણને ચલાવે છે. આનું નામ શરણમાર્ગ. આવા અશક્ત જીવની સંભાળ લેવા જે માર્ગે ચાલીને ભગવાન પોતે જીવ પાસે આવે અને તેનો હાથ પકડી લે તેનું નામ કૃપામાર્ગ. શ્રીવલ્લભાચાર્યજી તેને ‘પુષ્ટિમાર્ગ’ કહે છે. શ્રીવલ્લભાચાર્યજી કહે છે: ‘આ કલિયુગ દુષ્ટ ધર્મોના પ્રભાવવાળો

હોવાથી પરમાત્માને પામવાના બધા માર્ગો નાશ પામ્યા છે. આ સમય અને સંજોગોમાં કેવળ કૃષ્ણ-પરમાત્મા જ મારી ગતિ છે. હું તેમના જ શરણે છું. જીવનમાં મુશ્કેલ સંજોગો હોય, કે સરળ સુખદ સંજોગો હોય-બધી જ પરિસ્થિતિમાં શ્રીહરિ ભગવાનનું શરણ સ્વીકારવું. 'પ્રભુ જો કરે સો ભલી કરે.' 'જીવ તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે.'

'બરાબર, આપણી વાત પરથી મને એમ લાગે છે કે આજના સમયમાં પુષ્ટિમાર્ગ પર ચાલવું સરળ અને સુગમ છે. તેના વિષે કહોને !'

'આજે આપણી વાત આટલે જ અટકાવીએ. પુષ્ટિમાર્ગ વિષે ફરી કોઈક વખત.'

'મને તો આજે મારો પરિચય મેળવીને આનંદ આવ્યો.'

'મારો એટલે?'

'આત્માનો. શરીરનો નહિ. હવે એ ભૂલ તો નહીં જ કરું.'

'આવજો. જયશ્રીકૃષ્ણ.'

'જયશ્રીકૃષ્ણ.'

●

પુષ્ટિ પરિચય શ્રેણી

પુષ્પ - ૩

હું કોણ?
પુષ્ટિમાર્ગીય જવાબ

લેખક

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org